# સરદાર પટેલ યુનિવર્સિટી

## ઈતિહાસની અભ્યાસ સમિતિની સભા

### કાર્યનોંધ

ઈતિહાસની અભ્યાસ સમિતિની સભા **તારીખ:૩/૩/૨૦૨૧ ના રોજ સવારના ૧૧.૦૦ કલાકે** યુનિવર્સિટી કાર્યાલયના જુના સિન્ડિકેટ ખંડમાં મળી હતી.

સભામાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહયા હતા:

| | | | |
|---|---|---|---|
| (૧) | ડો. જે. એમ. પંડયા (અધ્યક્ષ) | (૪) | ડો. આર. બી. વાઘેલા(આમંત્રિત) |
| (૨) | ડો. ડી. સી. ચૌધરી | (૫) | ડો. વસંત પટેલ(આમંત્રિત) |
| (૩) | ડો. શૈલેષકુમાર બી. સોલંકી | (૬) | ડો. ભાવના આર.પ્રજાપતિ(આમંત્રિત) |

સભાની શરુઆતમાં અધ્યક્ષશ્રીએ સર્વે સભ્યશ્રીઓને આવકાર્યા હતા. તેમજ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો તૈયાર કરવામાં મદદ કરનાર તમામ ફેકલ્ટીનો હૃદયના ઉંડાણથી આભાર માન્યો હતો. ત્યારબાદ સભાનું કામકાજ શરુ કરવામાં આવ્યું હતું.

૧. તારીખ:૨૦/૯/૨૦૧૯ના રોજ મળેલ ઈતિહાસની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તારીખ:૨૦/૯/૨૦૧૯ના રોજ મળેલ ઈતિહાસની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવામા આવી.

૨. ઈતિહાસની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો માટે ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં લેવાનારી યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી તૈયાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઈતિહાસ અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો માટે ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં લેવાનારી યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી તૈયાર કરી ચેરમેનશ્રીની સહી સાથે પરબારા યુનિવર્સિટી કાર્યાલયના પરીક્ષા વિભાગમાં સુપ્રત કરવી.

૩. ઈતિહાસની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના તમામ સેમેસ્ટરના અભ્યાસક્રમોમાં સુધારો કરવા તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી કરવા માટે નિમેલ સિલેબસ રીવીઝન કમિટીએ તૈયાર કરેલ બિડાણમાં દર્શાવ્યા મુજબના સ્નાતક અને અનુસ્નાતકના પ્રથમ અને બીજા સેમેસ્ટરના સુધારા સહિતના અભ્યાસક્રમો મંજૂર કરવા ચર્ચા વિચારણા કરવા બાબત. **(બિડાણ-૧)**

ચાલુ....

આથી ઠરાવવામાં આવે છે કે ઈતિહાસની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના તમામ સેમેસ્ટરના અભ્યાસક્રમોમાં સુધારો કરવા તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી કરવા માટે નિમેલ સિલેબસ રીવીઝન કમિટીએ તૈયાર કરેલ બિડાણમાં દર્શાવ્યા મુજબના સ્નાતક અને અનુસ્નાતકના પ્રથમ અને બીજા સેમેસ્ટરના સુધારા સહિતના અભ્યાસક્રમો મંજૂર કરવા. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી ક્રમશઃ કરવો.

**અધ્યક્ષશ્રીની મંજૂરીથી નીચેની બાબત હાથ ધરવામાં આવી.**

૪. ઈતિહાસની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક કક્ષાના પ્રથમ વર્ષ બી.એ.ના પ્રથમ અને બીજા સેમેસ્ટરના ઇન્ડીયન કલ્ચર વિષયમાં જેનરીક ઇલેક્ટીવના બે પેપરોનો સમાવેશ કરવામાં આવેલ છે તે પેપરના નીચે દર્શાવ્યા પ્રમાણેના કોડ નંબર સહિતનો સુધારેલો અભ્યાસક્રમ બિડાણમાં દર્શાવ્યા મુજબ મંજૂર કરવો. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી કરવો.

**B.A. Sem-I – Indian Culture**

| Course Type | Course Code | Name of Course | Credit |
|---|---|---|---|
| Generic Elective | UA01GICL51 | Cultural History of India: Ancient periods (Indus Valley to 3rd Century B.C.) | 04 |
| Generic Elective | UA01GICL52 | Cultural History of Gujarat: Ancient periods (Indus Valley to 8th Century B.C.) | 04 |

**B.A. Sem-II – Indian Culture**

| Course Type | Course Code | Name of Course | Credit |
|---|---|---|---|
| Generic Elective | UA02GICL51 | Cultural History of India: Ancient periods (4th Century B.C.to 1000 A.D.) | 04 |
| Generic Elective | UA02GICL52 | Cultural History of Gujarat: Ancient periods (8th Century B.C.to 1304 A.D.) | 04 |

૫. અભ્યાસ સમિતિ પર એક તજજ્ઞ(કો.ઓપ્ટ મેમ્બર)ની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અભ્યાસ સમિતિ પર નીચેના સભ્યની તજજ્ઞ(કો.ઓપ્ટ મેમ્બર) તરીકે નિમણૂક કરવી.

તજજ્ઞ(કો.ઓપ્ટેડ મેમ્બર):

ડૉ. અરુણભાઈ ટી. વાઘેલા, પ્રોફેસર અને અધ્યક્ષ,
ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ.
મો.નં. ૯૧-૬૩૫૧૩૩૭૭૫૦

નંબરઃ ડી/એ-૨૭/ 41-92 મદદનીશ કુલસચિવ
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ 25/૩/૨૦૨૧

પ્રતિઃ
ઈતિહાસની અભ્યાસ સમિતિના સર્વે સભ્યશ્રીઓ તરફ.
પરીક્ષા વિભાગ તરફ જાણ સારૂ.
નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર તરફ યુનિવર્સિટીની વેબસાઇટ (નોટિસ અને સરક્યુલર) પર મૂકવા સારૂ.